સ્વ.શ્રી લક્ષ્મીશંકર અમથારામ જોષી

વિષ્ણુભાઈ ચૌધરી

૧. પ્રસ્તાવના

તેઓનું મુળ વતન વડાલી જિ. સાબરકાંઠા તેમના પૂર્વજો દાંતા-ભવાનગઢ મુકામે ''રાજજોષી'' તરીકે રહેતા હતા તેમના દાદા બાપુજી પુંજારામ જીવરામ જોષી પાલનપુરના નવાબ તેમને રાજ જ્યોતિષ તરીકે પાલનપુર લાવેલા આ રીતે તેઓનું કુટુંબ ચાર પેઢીથી પાલનપુરમાં રહેતું હતું. તેમના દાદા બલદેવરામ, જ્યોતિષ શાસ્ત્રમાં ભણતા હતા અને જ્યોતિષ શાસ્ત્રમાં સારૂ નામ કમાયેલા હતા.તેમના દાદા કેશવી ગણિતમાં પ્રવિણ હતા. પાલનપુર નવાબ શેર મહંમદખાનના તેઓ વિશ્વાસુ મિત્ર હતા. તેમણે પાલનપુરની કુંજગલીમાં પોતાનું ઘર બનાવ્યું હતુ અને પાલનપુરના આગેવાન કુટુંબ તરીકે સ્થાન પામ્યા હતા.

૨. જન્મ

તેમનો જન્મ વિક્રમ સંવત ૧૯૭૩ ના શ્રાવણ વદ આઠમને ૯/૮/૧૯૧૭ ના રોજ વડાલી મુકામે થયો હતો. માતાનું નામ મણીબાઈ હતું અને પીતાનું નામ અમથારામ હતું.૧

૩. અભ્યાસ

પાલનપુર વડાલી કપડવંજમાં અભ્યાસ કર્યા બાદ તેઓ શ્રીએ ઈ.સ. ૧૯૩૭ એપ્રિલમાં મુંબઈ યુનિવર્સિટીની મેટ્રીકની પરીક્ષા અમદાવાદ આપી અને ઈ.સ. ૧૯૪૧ માં ગ્રેજ્યુએટ થયા આમ તેઓએ શિક્ષિણ સારા પ્રમાણમાં લીધું હતું.

૪. ક્રાન્તિકારી પ્રવૃત્તિઓ

વ્યવસાયે શિક્ષક અને લેખક એવા લક્ષ્મીશંકરે શરૂઆતમાં આ સમય દરમ્યાન તેમને દયાનંદ વિઠ્ઠલદાસ પંડ્યા, શ્રી કાંતિલાલ છોટાલાલ પંડ્યા, શ્રી દેવશંકર વિશ્વનાથ પંડ્યા, શ્રી અરવિંદભાઈ ચુનિલાલ પંડ્યા, શ્રી નરહરિ રામશંકર જોષી, શ્રી મહિપતરામ મોહનલાલ જોષી અને શ્રી નરસિંહભાઈ મૂળશંકર પંડ્યા વગેરે મિત્રોએ તેમને સાથ આપ્યો. અને તેમની સાથ મળીને આઝાદીની લડતમાં જોડાયા.૨

વિવિધ પ્રકારના સમાજવાદી સાહિત્યના છાંયનને કારણે તેઓ કોંગ્રેસમાં જોડાયા અને એક ઉત્તમ લોક સેવક તરીકે ગણના પામ્યા. અને રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લેવા માંડ્યા. તેઓ મોડાસાના શ્રી મથુરદાસ લાલજીભાઈ ગાંધીના સંપર્કમાં આવ્યા. આ ઉપરાંત વડાલીના વતની અને પ્રાથમિક શાળાના શિક્ષકશ્રી નરસિંહભાઈ મગનભાઈ ભાવસારના પરિચયમાં આવ્યા અને તેમના જીવનમાં ક્રાન્તીકારી પ્રવૃત્તિના મંડાણ થયા.

તેમણે અને નરસિંહભાઈ બન્નેએ ઈડર સ્ટેટમાં કોંગ્રેસ સભ્યો નોંધવાનું કામ ઉપાડ્યું તે પોતે રાષ્ટ્રવાદી વિચારો ધરાવતા હતા. અને રચનાત્મક પ્રવૃત્તિઓ તરફ તેમનું વલણ હતું. આ કોંગ્રેસના સભ્યોની નોંધણીનું કાર્ય

તેમણે વડાલી તાલુકા ઉપરાંત ભિલોડા તાલુકામાં પણ આ કામ શરૂ કર્યું. આની માહિતી પોલીસને મળી. ભિલોડાથી તેઓ જ્યારે પાછા ફરી રહ્યા હતા ત્યારે પોલીસે તેમની ધરપકડ કરી અને બન્નેને વડાલીની જેલમાં પુરવામાં આવ્યા અને તેમણે નોંધણી કરેલા પત્રકો પોલીસે જપ્ત કર્યો અને આ પ્રવૃત્તિને બંધ કરવા જણાવ્યું. પરંતુ તેઓશ્રીએ જેલ બાદ પણ આ પ્રવૃત્તિ ચાલુ રાખી.

૫. રાષ્ટ્રીય ચળવળમાં જોડાણ

ઈ.સ. ૧૯૪૨ની ૯મી ઓગસ્ટે હિંદછોડો ઘોષણા કરવામાં આવી અને સમગ્ર દેશમાં અંગ્રેજ સત્તા સામે વિરોધની જ્વાળા ફાટી નીકળી હતી.

હિંદ છોડની લડતના સમાચાર સાંભળતા જ માતા અને પત્નિને વડાલી મોકલી દીધા અને તેઓ આ લડતમાં ભાગ લેવા માટે મોડાસા ગયા. સંસ્કૃત પાઠશાળામાં રહીને અનેક પ્રકારની પ્રવૃત્તિઓ તેમણે હાથ ધરી હતી. તેમના ગૃહપતિ તરીકે કાન્તીલાલ પણ રાષ્ટ્ર લડતના રંગે રંગાયા હતા. ૩

લોકોના ઘેર-ઘેર જઈને લડતને પ્રોત્સાહન આપવાના પ્રયત્નો કરતા હતા પણ લડતે જોઈએ તેટલું જોર પકડ્યુ ન હતું. આ દરમ્યાન તેમણે સરઘસનું આયોજન પણ કર્યું હતું. કાન્તીલાલ શાસ્ત્રીની આગેવાની હેઠળ સરઘસ કાઢ્યું. પોલીસે લાઠી ચાર્જ કર્યો અને બન્નેની ધરપકડ થઈ.

૧૯૪૨ ની ૧૫ મી સપ્ટેમ્બરે સાબરમતીની જેલમાં રાખવામાં આવ્યા અને અઠવાડીયા પછી કેસ ચલાવવા પાછા મોડાસા લાવવામાં આવ્યા અને છ માસની સજા અને ૨૦૦ રૂનો દંડ ફટકારવામાં આવ્યો અને જો તે ન ભરે તો વધુ બે માસની સજા લંબાવવાની સજા પડી. તેમની સાથ સંસ્કૃત પાઠ શાળાના ગૃહપતિ પણ હતા. કાન્તિલાલને ૧ માસની સજા અને રૂ. ૧૦૦ નો દંડ થયો.

લક્ષ્મીશંકરે ઈડર રાજ્યના ગામડાનો પ્રવાસ શરૂ કરીને લોક જાગૃતિ લાવીને સહકાર ઉભો કર્યો થોડા સમય માટે અમદાવાદની હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે પણ ફરજ બજાવી હતી. ઈડર સ્ટેટમાં દિવાન જગન્નાથ ભંડારી પ્રત્યે અસંતોષ વધેલો હતો. તેની અસહકાર ચળવળ ઉભી થઈ. ચળવળમાં ભંડારી ફેલાઈ ગયા અને રાતોરાત હિંમતનગર છોડી દીધું.

ઈડર રાજ્યનું મુંબઈ રાજ્યમાં વિલીનીકરણ કરવામાં આવ્યું અને અમદાવાદ જિલ્લાના મોડાસા અને પ્રાંતિજ તાલુકા ઈડર સાથ જોડાયા અને નવો મહીકાંઠા જિલ્લો અસ્તીત્વમાં આવ્યો. ઠેરઠેર મિટીંગો અને સભાઓ ભરીને સાબરકાંઠા જિલ્લો નામ રાખવાનો આગ્રહ કર્યો તે વખતના પ્રધાનશ્રી મોરારજીભાઈ દેસાઈ તે તરફ ધ્યાન આપ્યું નહી. આમ છતા આ પ્રયત્નો ચાલુ રહ્યા અને અંતે સાબરકાંઠા જિલ્લા નામ માન્ય રહ્યું.

૬. અન્ય પ્રવૃત્તિઓ

રાષ્ટ્રીય જાગૃતિની પ્રવૃત્તિ સિવાય તેમણે અન્ય ઘણી પ્રવૃત્તિઓ લોક સેવા માટે કરી છે. તેમનું મહત્વ પ્રદાન સામાજિક પ્રવૃત્તિઓ તરફ રહ્યું છે. તેમણે સમાજ સુધારણા માટે અનેક લખાણો લખ્યા છે. આ લખાણો દ્વારા

તેમને સામાજીક સુધારણા ક્ષેત્રે ક્રાન્તી લાવવાનો પ્રયાસ કર્યો છે. અને તેમણે પોતાના હસ્તલિખિત માસિકનું નામ પણ ક્રાન્તિ આપ્યું હતું.

લક્ષ્મીશંકરે કોઇ પણ પ્રકારની સામાજીક પ્રવૃત્તિમાં લોકોને અમુક પ્રકારના બંધારણ દ્વારા બાંધવામાં આવ્યા છે. અને સામાજીક પ્રવૃત્તિઓમાં રચ્યા-પચ્યા ન રહેતા સામાજીક ઉધ્ધાર માટેના પ્રયાસો કરવાનું લોકોને સુચન કર્યું હતું.

આ ઉપરાંત તેમણે સ્ત્રીશિક્ષણ, ઉંચનીચના ભેદભાવ, અને રાષ્ટ્ર જાગૃતિના પ્રયાસો રૂપ અસ્પૃશ્યતા નિવારણને પણ સક્રિય બનાવીને લોકસેવાનો લાભ લેવાનો પ્રયાસ કર્યો છે. આ ઉપરાંત લોકો રાષ્ટ્રીયશાળાઓમાં અભ્યાસ કરીને રાષ્ટ્રની પ્રવૃત્તિમાં જોડાય તે માટે ૧૯૪૨ની ચળવળ વખતે તેમણે આહવાન કર્યું હતું. અને એક સારા શિક્ષક અને સારા લેખકને શોભે તેવી લેખન પ્રવૃત્તિ કરી.

આમ એક સાચા સ્વાતંત્ર્ય સેનાની એવા લક્ષ્મીશંકરને શ્રી ઇન્દીરા ગાંધી તરફથો સ્વાતંત્ર્ય સેનાની તરીકેનું તામ્રપત્ર ૧૯૯૨માં આપવામાં આવ્યું તેનું જે તેમના બહુમાન માટે આપવામાં આવ્યું હતું.

૭. અવસાન

તેમનું અવસાન ૨૦૦૭ માં ૯૦ વર્ષની ઉંમરે થયુ અને તેમની અંતિમ વિધિમાં અનેક લોકોએ તેમને ભાવભિની શ્રધ્ધાંજલિ અર્પણ કરી. તેમના મૃત્યુથો સમગ્ર સાબરકાંઠા જિલ્લાએ શોક વ્યક્ત કર્યો... કે જેમણે ''સાબરકાંઠા જિલ્લા'' એવા ''નામકરણ''માં પોતાનો અમૂલ્ય ફાળો આપીને લોકોનો પ્રેમ જીતી લીધો હતો.

સંદર્ભ

૧. રૂબરૂ મુલાકાત, શ્રીમતિ જાગૃતિ બેન જાની મામલતદારશ્રી, જિલ્લા પંચાયત ભવન, હિંમતનગર, તા. ૦૨/૧૨/૨૦૧૧
૨. રૂબરૂ મુલાકાત, શ્રીમતિ ભાવના બેન જોષી, મહાવિર નગર સોસાયટી, હિંમતનગર, તા.૦૨/૧૨/૨૦૧૧
૩. લક્ષ્મીશંકર એ જોશી, ક્રાન્તિ–માસિક (હસ્તલિખીત), વર્ષ ૧૯૪૨, પૃ.૩,૪ અને ૫